# સ્ટેટ ઓર્ગન અને ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઑર્ગેનાઈઝેશન

# SOTTO - GUJARAT


**અમે અહીં પણ ઉપલબ્ધ છીએ :**

@SOTTO GUJARAT

@sottogujarat

@sottogujarat

**• સરનામુ •**

**એડમીન ઓફિસ**

ગુજરાત યુનિવર્સિટી ઑફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સીઝ

**ટ્રોમા સેન્ટરની સામે, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અસારવા,**

**અમદાવાદ-380 016.**

**• સંપર્ક •**

ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડીનેટર-SOTTO

**મોબાઈલ : 9825739973**


આપણા શરીરમાં કેટલાક અવયવો એવા છે કે જેમનું કાર્ય ખરાબ થઈ જાય અથવા બંધ પડી જાય તો મનુષ્યનું જીવન જોખમાય છે. લીવર, હૃદય, ફેફસાં, કિડની વગેરે અંગો ખરાબ થાય તો મનુષ્યનું જીવન ટકાવી રાખવા અને સ્વસ્થ થવા માટે અંગોનાં પ્રત્યારોપણની જરૂર પડે છે. દા. ત., લીવર ખરાબ થાય તો લીવરનું પ્રત્યારોપણ કરવાથી દર્દીનો જીવ બચાવી શકાય છે.

## અવયવો ક્યાંથી મળે ?

(૧) તંદુરસ્ત જીવિત વ્યક્તિ લીવર અને કિડની જેવા અંગોનું દાન કરીને દર્દીને નવજીવન આપી શકે છે. (૨) બ્રેઈન ડેથ વ્યક્તિના અંગોના દાન દ્વારા આ અવયવો પ્રાપ્ત કરી શકાય છે અને દર્દીને નવજીવન આપી શકાય છે.

## બ્રેઈન ડેથ એટલે શું ?

મનુષ્યનું મગજ શરીરનું સર્વોચ્ચ અવયવ છે અને તે શરીરની તમામ પ્રક્રિયાઓનું સંચાલન કરે છે. મગજના કારણે જ વ્યક્તિની ઓળખ છે. તે શ્વાસની પ્રક્રિયા તથા હૃદયના ધબકારાઓનું નિયમન પણ કરે છે. જ્યારે મગજને ગંભીર ઈજા પહોંચે ત્યારે તે ફૂલવા લાગે છે અને તેમાં રક્તનું પરીભ્રમણ અટકી જાય છે. મગજમાં રક્તનું પરીભ્રમણ અટકી જવાથી તેનાં તમામ કાર્યો બંધ પડી જાય છે. આ સમયે દર્દીનાં શ્વાસની પ્રક્રિયા તથા હૃદયનાં ધબકારા પણ એકદમ ઓછા થઈ જાય છે. આવા દર્દીને કૃત્રિમ રીતે શ્વાસ આપવા માટે વેન્ટિલેટર પર મુકવામાં આવે છે. વેન્ટિલેટરની મદદથી શ્વાસ ચાલે ત્યારે શરીરમાં ઓક્સીજનનું પ્રમાણ જળવાઈ રહે છે અને હૃદય પણ કાર્ય કરે છે. આ પરિસ્થિતિ ફક્ત થોડા કલાકો કે એક-બે દિવસ સુધી દર્દીને બચાવવાના ડૉક્ટરો દ્વારા કરવામાં આવતા પ્રયત્નો છે. સમયાંતરે દર્દીનાં મગજના કાર્યોની ચકાસણી કરવામાં આવે છે. જો મગજ જરા પણ કાર્યરત ન થાય તો તેવા દર્દીને બ્રેઈન ડેથ જાહેર કરવામાં આવે છે. કૃત્રિમ રીતે વેન્ટિલેટરથી શ્વાસ અપાતો હોઈ બ્રેઈન ડેથ વ્યક્તિ શ્વાસ લેતાં સૂઈ ગયો હોય તેવો ભાસ થાય છે અને મોનીટરમાં હૃદયનાં ધબકારાની પણ નોંધ લેવાય છે. દર્દીનાં સગાને એમ જ લાગે છે કે દર્દી હજુ જીવે છે, પરંતુ આ એક કૃત્રિમ રીતે ફેફસાં અને હૃદયને ટકાવી રાખવા માટેની થોડા સમયની વ્યવસ્થા છે. થોડા કલાકોમાં કે એક-બે દિવસમાં દર્દીનું હૃદય બંધ પડી જાય છે.

## બ્રેઈન ડેડ જાહેર કેવી રીતે કરાય છે ? (એપ્નીયા ટેસ્ટ)

માથાની ઈજા પછી અથવા સ્ટ્રૉક થયા પછી દર્દી બ્રેઈન ડેડ છે કે જીવે છે તે જાણવા માટે એપ્નીયા ટેસ્ટ કરવામાં આવે છે. આ ટેસ્ટમાં દર્દીને વેન્ટિલેટરથી અલગ કરી તેનાં શ્વાસની પ્રક્રિયા છે કે નહિ તે જાણવામાં આવે છે. ધમનીમાંથી ૮ થી ૧૦ મિનિટના અંતરે લોહીનું સેમ્પલ લઈ તેમાં રહેલા કાર્બનડાયૉક્સાઈડ અને ઑક્સિજનનું પ્રમાણ જાણવામાં આવે છે. જે દર્દીનો એપ્નીયા ટેસ્ટ પોઝીટીવ છે અને આ ટેસ્ટ છ કલાકનાં અંતરે ફરી કરવામાં આવે (૧૮ વર્ષથી નીચેનાં બાળકોમાં ૧૨ કલાકનાં અંતરે) અને તે પોઝીટીવ હોય તો દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવે છે. બ્રેઈન ડેડ એટલે કે દર્દીનું મૃત્યુ થઈ ગયું છે અને વેન્ટિલેટર ચાલુ હોવાને કારણે તેનું હૃદય અને ફેફસાં કૃત્રિમ રીતે થોડા સમય માટે ચાલે છે.

## અવયવોનું દાન એટલે શું ?

જ્યારે દર્દી બ્રેઈન ડેડ જાહેર થાય ત્યારે સગા-સબંધીઓ પાસે બે વિકલ્પો હોય છે : (૧) બ્રેઈન ડેડ વ્યક્તિની ડેડ બોડીને વેન્ટિલેટર પરથી ઉતાર્યા બાદ તે દર્દીને અંતિમ ક્રિયા માટે લઈ જવો. (૨) બ્રેઈન ડેડ વ્યક્તિના અવયવોનું દાન કરવું. અવયવોના દાન માટેનો નિર્ણય ખૂબ જ ઝડપથી લેવો પડે છે. કારણ કે વેન્ટિલેટર પર રહેલ બ્રેઈનડેડ વ્યક્તિનું હૃદય લાંબા સમય સુધી ચાલુ રહી શકતું નથી અને જો તે બંધ પડી જાય તો અવયવોનું દાન મોટા ભાગના કેસોમાં થઈ શકતું નથી.

## બ્રેઈન ડેથ જાહેર કરવું ફરજિયાત છે ?

ગુજરાત રાજ્ય સરકારે બ્રેઈન ડેથ જાહેર કરવું ફરજિયાત છે તે માટે પરીપત્ર જાહેર કરેલો છે. બ્રેઈન ડેડ જાહેર કરાયા પછી મૃત વ્યક્તિના સગા સંબંધીઓ અવયવોના દાન માટે લેખિત સંમતિ આપે તો જ દર્દીને વેન્ટિલેટર પર ચાલુ રાખવામાં આવે છે. બ્રેઈન ડેડ વ્યક્તિનાં પરિવારની ઈચ્છા અવયવોના દાન કરવા માટેની ના હોય તો વેન્ટીલેટર કાઢી શકાય છે. મૃત વ્યક્તિને વેન્ટીલેટર પર રાખી શકાય નહિ.

## અવયવોનું દાન આપવા માટે શું કરવું ?

બ્રેઈન ડેડ દર્દીનાં સગા-સંબંધીઓએ તેમની સારવાર કરતા ડૉક્ટરને અંગદાન કરવા માટેની ઈચ્છા વ્યક્ત કરી તેમની પાસેથી sotto.nic.in website પરથી Gujarat State select કરી Home page પરથી Form-8 અને Form-10 Download કરી ભરવાનું હોય છે તથા નજીકના પોલીસ સ્ટેશને જાણ કરવાની હોય છે. બ્રેઈન ડેડ દર્દી જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલને અંગદાન માટે દર્દીનું અને હોસ્પિટલનું રજિસ્ટ્રેશન SOTTO Gujarat અને NOTTOમાં કરાવવાનું ફરજિયાત છે. હોસ્પિટલ Registration માટે બ્રેઈન ડેડ જાહેર કરનાર ડોક્ટરની ટીમ અને દરેક ડૉક્ટરની ડીગ્રી તથા રજિસ્ટ્રેશન નંબરની માહિતી upload કરવાની હોય છે. હોસ્પિટલનું રજિસ્ટ્રેશન ફક્ત એક જ વાર કરવાનું હોય છે. દરેક હોસ્પિટલ કે જેમાં વેન્ટીલેટર સાથેના ICUની અને ઓપરેશન થીયેટરની વ્યવસ્થા છે તેનું રજિસ્ટ્રેશન પહેલેથી જ કરાવી લીધું હોય તો અંગદાન સમયે કિમતી સમય વેડફાતો અટકી જાય છે.

બ્રેઈન ડેડ વ્યક્તિનાં લોહીનાં સેમ્પલ યોગ્ય લેબોરેટરીમાં મોકલવામાં આવે છે. ઉપરાંત કોવિડ માટેનું સેમ્પલ એન્ડોટ્રેકીયલ ટ્યુબમાંથી RT-PCR માટે મોકલાય છે. હૃદય અને ફેફસાનાં દાન માટે 2D બ્રોન્કોસ્કોપી અને સીટીસ્કેન કરવામાં આવે છે. આ બધા ટેસ્ટ કરતાં લગભગ ૧૨ થી ૧૮ કલાકનો સમય જાય છે. રીપોર્ટ થઈ ગયા પછી ડૉક્ટરોની ટીમ અંગ સ્વીકાર કરવા માટે આવે છે. બ્રેઈન ડેડ દર્દીને ચકાસ્યા બાદ ICUમાંથી ઓપરેશન થીયેટરમાં ખૂબ સન્માનપૂર્વક લઈ જવામાં આવે છે. હૃદય, ફેફસાં, લીવર અને કિડની, આંખો તથા અન્ય ટીશ્યુ કે અંગોને ડૉક્ટરો ઑપરેશન કરી કાળજીપૂર્વક કાઢી અને સાચવીને પ્રત્યારોપણ માટે લઈ જાય છે. અંગદાન પછી બ્રેઈન ડેડ દાતાનાં પાર્થિવ શરીરને સન્માનપૂર્વક વિધિ માટે સગા-સબંધીઓને સોંપવામાં આવે છે. મેડીકો-લીગલ કેસમાં પોસ્ટમાર્ટમની વિધિ કર્યા પછી પાર્થિવ શરીરને અંતિમ વિધિ માટે લઈ જવામાં આવે છે.

## અંગદાન માટે પરિવારે કેટલો ખર્ચ કરવો પડે છે ?

બીજા એપ્નીયા ટેસ્ટ પછી જ દર્દીને બ્રેઈન ડેડ જાહેર કરવામાં આવે છે. બ્રેઈન ડેડ જાહેર કર્યા પછીનો અંગદાનની પ્રવૃત્તિ માટે જે ખર્ચ થાય છે તેમાં રાજ્ય સરકારશ્રી તરફથી દાતા જે હોસ્પિટલમાં દાખલ હોય તે હોસ્પિટલને રૂપિયા ૫૦,૦૦૦/-ની સહાય મળે છે. આ સહાય બ્રેઈન ડેડ વ્યક્તિના મેડિકલ ખર્ચ માટે જ ખર્ચી શકાય છે.

## અંગો કોને મળે છે ?

અંગોની વહેંચણી એ રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા નિયંત્રિત કૉમ્પ્યુટરમાં ઓટોમેટીકલી ગણાયેલા પોઈન્ટ સિસ્ટમનાં આધારે SOTTO, ROTTO અને NOTTOમાં અંગોની ફાળવણી કરવામાં આવે છે. અંગદાન એ આપણો રાષ્ટ્રીય પ્રોગ્રામ છે અનેક દર્દીઓ અંગ ફેઈલ્યોરનાં કારણે અવસાન પામે છે. બ્રેઈન ડેડ વ્યક્તિના અંગદાન દ્વારા ઘણા દર્દીઓને નવજીવન મળે છે. મૃત્યુ પછી પણ કોઈ વ્યક્તિના શરીરમાં આપણું અંગ ધબકતું રહે તેમજ દર્દીને નવજીવન મળે, તેનાં હૃદયની દુઆઓ મળે અને તેના પરિવારની ખુશાલી પરત આવે તેવા આ પ્રયાસને સફળ બનાવવા માટે દરેક નાગરીકને વિનંતી છે.

**SOTTO - Gujarat**

## ડોનર કાર્ડ

**અંગદાનનો સંકલ્પ-નવજીવનની ભેટ**

નીચે દર્શાવેલ લિંક પર ક્લીક કરો અથવા QR કોડને સ્કેન કરો અને ડોનર કાર્ડ ભરીને અંગદાનના કાર્યનો સંકલ્પ કરો.

https://sotto.nic.in/DonorCardRegistration.aspx